**સમાજ શિક્ષણ શિબીર યોજના અંગે વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQS)**

(૧) સમાજ શિક્ષણ શીબીર શા માટે યોજવામાં આવે છે. ?
પછાત વર્ગોમાં જન જાગૃતિ લાવવા માટે તથા તેમને સંબંધિત યોજનાઓનો બહોળ પ્રચાર કરવા માટે સમાજ શિક્ષણ શીબીરનું આયોજન કરવામાં આવે છે.

(૨) આવી શીબીર કોણ યોજી શકે ?
આવી શિબીર અત્રે હસ્તકના જિલ્લા અધિકારીઓ સ્વૈચ્છિક સંસ્થાઓ મારફત યોજી શકે છે.

(૩) આ શીબીર યોજવા કેટલી સહાય મળે અને આ સહાય મેળવવા શું કરવું પડે ?
આ શીબીર યોજવા માટે શીબીર દીઠ રૂ.૧૫,૦૦૦/- સહાય મળે છે, સબંધિત જિલ્લા અધિકારીને કયા વિસ્તારમાં કયા સમયે અને કેટલા લોકો માટે શીબીર યોજવાનું આયોજન છે તે બાબતની પ્રથમ જાણ કરવાની હોય છે.

(૪) વર્ષ દરમ્યાન આવી કેટલી શીબીર યોજી શકાય ?
સામાન્યત: જિલ્લા દીઠ ૩ (ત્રણ) શીબીરનું આયોજન કરવાનું રહે છે.

(૫) આ શીબીર માટે કોને કોને નિમંત્રણ આપવાનું રહેશે ?
શીબીરમાં તાલુકા/જિલ્લા અધિકારીઓ, રાજ્ય સરકારના સબંધિત વર્ગ-૧ના અધિકારી/ સમાજ સેવકો, પદાધિકારીઓ, ધારાસભ્યો અને અન્ય આગળ પડતી વ્યક્તિઓને નિમંત્રણ પાઠવવાનું રહે છે.

(૬) શીબીરમાં કેટલી વ્યક્તિઓ સામેલ થઈ શકે ?
સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો તેમજ આર્થિક પછાત વર્ગોમાંથી પસંદ કરાયેલા ૪૦ કે તેથી વધુ આગેવાનોનો તેમજ સ્થાનિક રહીશો સહિત ૨૦૦ વ્યક્તિઓની શીબીરો યોજવાની રહે છે.

(૭) આવી શીબીર કેટલા દિવસ માટે યોજવાની હોય છે. ?
માત્ર-૧ આખા દિવસ દરમ્યાન યોજવાની રહે છે.

(૮) આ શીબીર માટે સામાન્ય શરતો કઈ છે ?
- (૧) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની ઘનિષ્ટ વસ્તી ધરાવતા વિસ્તારોમાં શીબીર યોજવાની રહે છે.
- (૨) આ વર્ગો માટેની વિવિધ કલ્યાણલક્ષી યોજનાઓની માહિતી અને સમજુતી આપવાની રહે છે.
- (૩) શીબીરમાં છાપેલું સાહિત્ય આપી શકાય છે.
- (૪) શીબીરમાં શિક્ષણ અને સ્વચ્છતાનું મહત્વ સમજાવવાનું રહે છે.
- (૫) શીબીર કોઈ પણ સંજોગોમાં રાજકીય કે ઉશ્કેરણી જનક પ્રવચનો ન થાય તેની કાળજી રાખવાની રહે છે.